





# યે ઈડી...ઈડી ક્યા હૈ?

**કેન્દ્રમાં સરકાર કોઈ પણ પક્ષની હોય, પણ પોતાના કટ્ટર વિપક્ષી-વિરોધીઓને નાથવા-પરેશાન કરવા સરકારી તપાસ એજન્સીઓનો બેફામ દૂરોપયોગ કરવામાં આવે છે. આમાં આર્થિક કૌભાંડ-ભ્રષ્ટાચારની ખબર લેતી જે 'ઈડી' એજન્સીનું નામ ઘણા સમયથી બહુ ગાજ્યું ને વગોવાયું છે. તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે પણ આ તપાસ એજન્સીની સખત ઝાટકણી કાઢી છે એવી 'ઈડી'નો આકરો એક્સ-રે**

**ક્લોઝ-અપ જિંદગી**

★ ભરત ઘેલાણી

અગાઉ ઈન્કમ ટેક્સ અને સીબીઆઈનાં નામ લોકોમાં ફફડાટ પેદા કરતા. આજે ચોતરફ જે 'ઈડીઈડી'ના પોકાર ઊઠી રહ્યા છે-આજે આ નામ જે રીતે વાદ-વિવાદ-વિખવાદના વા-વંટોળમાં અટવાઈને ગાજવીજ કરી રહ્યું છે: યે ઈડી-ઈડી ક્યા હૈ?

આ 'ઈડી'એટલે કેન્દ્ર સરકારની 'એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ' એજન્સી ૧૯૫૬થી કાર્યરત થયેલી આ એજન્સીની મુખ્ય નેમ તથા કામ છે બે નંબરી કાળા નાણાંને ધોળા કરવાની ગેરકાનુની પ્રવૃતિ આંતરી- એને અટકાવીને આવા આર્થિક ગુના આચરતા લોકોને ઝબ્બે કરવાની. આ ઉપરાંત બીજી અનેક પ્રકારની આર્થિક ગોલમાલ પર પણ આ કેન્દ્રીય એજન્સી ચાંપતી નજર રાખે છે. આમ તો એનું મુખ્ય કાર્ય કોઈ પણ જાતના શાસક પક્ષના શેહમાં આવ્યા વગર સ્વતંત્ર રીતે નાણાંકીય ગોટાળાને રોકવાનું છે, પરંતુ બધા જાણે છે તેમ આ એજન્સી 'પોતે સ્વાયત્ત છે' એવો ડોળ કરીને કેન્દ્ર સરકારમાં જેનું પણ શાસન હોય એ જ પક્ષના જ ઈશારે જ અત્યાર સુધી કામ કરતી આવી છે.

આમ તો છેલ્લાં ૩-૪ વર્ષથી ઈડીનું નામ એક યા બીજાં કારણસર વધુ ગાજી રહ્યું છે. 'ઈકોનોમિક ઓફેન્સ'- આર્થિક ગુનાઓને ડામવાની એની પદ્ધતિથી ઈડી વધુ વગોવાઈ રહ્યું છે. સત્તા પર જે પણ પક્ષ હોય, પણ એનાં વિપક્ષીઓ હંમેશા એ જ આક્ષેપો સાથે કાગારોળ કરે છે કે સત્તા પક્ષ અમને આર્થિક અપરાધના ખોટાં આક્ષેપોમાં ફસાવીને હેરાન-પરેશાન કરી રહી છે સરકારની ખોટી નીતિ-રીતિના અમારા વિરોધને ચગદી નાખવા શાસક પક્ષ નિરંતર આવી ગંદી રમત ખેલી રહી છે. એક જમાનો એવો હતો કે કોઈ પણ બહુ ગાજેલા વિવાદાસ્પદ કેસની તપાસ 'સેન્ટ્રલ બ્યુરો ઈન્વેટિગેશન'- CBI કરે એવો લોકોનો આગ્રહ રહેતો. 'સીબીઆઈ એક સ્વતંત્ર ગુનાશોધક એજન્સી છે એટલે એ નિષ્પક્ષ તપાસ કરી ગુનેગાર સજા અપાવી ન્યાય તોળશે એવી લોકમાન્યતા હતી. અમુક વર્ષ એ ટકી પણ ખરી. જો કે પાછળથી પોતાના શત્રુઓને હંફાવવા શાસક પક્ષ એનો વધુ પડતો ભળતો ઉપયોગ કરવા લાગ્યો પરિણામે સીબીઆઈની માન-મર્યાદા-આબરું પર એવો ધબ્બો લાગ્યો કે દેશની સર્વોચ્ચ અદાલતે તો સીબીઆઈને 'સરકારી પોપટ' તરીકે ઓળખાવીને એનું રીતસર જાહેરમાં વસ્ત્રહરણ કર્યું. ત્યારથી લોકોની નજરમાંથી આ એજન્સીની ઊતરી ગઈ છે.

સીબીઆઈની આવી બદનામી-અવદશા પછી ઈડી વધુ પ્રકાશમાં આવી. કેન્દ્ર સરકારની મુખ્ય ત્રણ તપાસ એજન્સી છે. એમાં ઈડી એક માત્ર એવી એજન્સી છે, જેણે કોઈની પણ તપાસ-ઊલટતપાસ કરવી હોય તો સરકાર પાસેથી આગોતરી મંજૂરી લેવી નથી પડતી. એટલે સરકાર પણ ઈડી પાસેથી તપાસ એજન્સી સીબીઆઈ જેવું જ કામ લેવા માંડી છે. મનીલોન્ડ્રિંગ - બેનંબરી નાણાંને કાયદેસર કરવાના ધંધાથી લઈને ડ્રગ્સની હેરાફેરી કે પછી બીજાં આર્થિક ભ્રષ્ટાચારના 'સાચા' કહેવાતાં ગુના હેઠળ સત્તાપક્ષના વિરોધીઓને કાયદાની ચુંગલમાં ફસાવાના મોટા ખેલ શરુ થઈ ગયા. જે જે રાજ્યોમાં વિપક્ષની સ્થાનિક સરકાર હોય ત્યાં પણ આવી પજવણી ચાલુ થઈ.

તાજેતરની પશ્ચિમ બંગાળની વિધાન સભાના ચૂંટણી પ્રચાસ્ર દરમિયાન જ મુખ્ય મંત્રી મમતા બેનરજીના સગા ભાણેજ અભિષેકના નિવાસસ્થાન પર ઈડીના સતત દરોડા પડ્યા હતા ત્યારે ઈડી વિરુદ્ધ જબરો ઊહાપોહ થયો હતો.

એક જમાનામાં કોંગ્રેસના શાસનને 'દરોડા રાજ' તરીકે ઓળખવામાં આવતું. એવા જ અદલોદલ માહોલ આજે ફરી ઠેર ઠેર સર્જાઈ રહ્યો છે. એક યા બીજા આરોપસર એક પછી એક જે રીતે રેડ-દરોડા પડી રહ્યાં છે એમાંથી અમુક સાચાં હોઈ શકે, પરંતુ હેવાલ મુજબ, મોટાં ભાગના દરોડા સામેવાળાને પરેશાન કરવા અને ડરાવવા માટે જ યોજાતા રહે છે. આ વાતની પુષ્ટિ આપણને થોડા સમય પહેલાં લોકસભામાં રજૂ થયેલી ઈડીની કામગીરીના આંકડા પરથી મળે છે. બ્લેકમનીનાં દૂષણને અટકાવીને એના અપરાધીને સજા ફટકારવાના જે બે કડક કાયદા થોડાં વર્ષ પૂર્વે અમલમાં આવ્યા એ પછી ઈડીએ જેટલાં પણ આડેધડ દરોડા પાડ્યાં એનો હિસાબ માંડો તો કોઈ ભળતું જ ચિત્ર સામે આવે છે. લોકસભાના અહેવાલ મુજબ છેલ્લાં ૧૬-૧૭ વર્ષમાં ઈડી દ્વારા ૫૪૦૦થી વધુ કેસ નોંધવામાં આવ્યા પછી વર્ષોની લાંબી-પહોળી તપાસના અંતે આંગળીના વેંઢ ગણી શકાય એટલી જ વ્યક્તિ સજા પાત્ર ઠરી છે! આનો સીધો અર્થ એ થયો કે ઈડી કહેવાતા દોષિતોના ગુના સાબિત કરવામાં અસમર્થ છે અને ખોટા કેસના ખડકલાં કરે છે અથવા તો બીજી 'અંદરખાનેની આપ-લે' દ્વારા કેસને એવો કમજોર બનાવી દે કે ગુનેગાર સાવ નિર્દોષ છૂટી જાય!

મમતાદીદીના અંગત સબંધીઓ પરના દરોડા પછી કોંગ્રેસનાં વડા એવાં સોનિયા ગાંધી તેમજ એમનાં પુત્ર રાહુલની છેલ્લાં કેટલાંક સમયથી ઈડી સતત આકરી ઊલટતપાસ થઈ. એ કોંગ્રેસી મા-દીકરા પર આરોપ છે કે દિલ્હીના દૈનિક 'નેશનલ હેરાલ્ડ' કેસ સાથે સંકળાયેલા રૂપિયા ૨૧૦૦ કરોડના મની લોન્ડરિંગના ભ્રટાચારમાં સક્રિય સંકળાયેલાં છે. જોકે લાંબી કોર્ટ કાર્યવાહી પછી સુપ્રીમ કોર્ટે સોનિયાજી-રાહુલ વિરુદ્ધ ઈડીનો એ આરોપ-ફરિયાદ ફગાવી દીધા છે!

દરમિયાન વિપક્ષો સતત કહી રહ્યા છે કે શાસક પક્ષ એના વિરોધીઓ સામે કિન્નાખોરીથી ઈડીને એક સરકારી શસ્ત્ર તરીકે બેફામ વાપરી રહ્યું છે. આ વાતમાં થોડું તથ્ય પણ લાગે. આંકડા તપાસીએ તો ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન ઈડીએ માટે ૧૧૨ અને ૨૦૧૪થી ૨૦૨૧ દરમિયાન ૩૦૧૦થી પણ વધુ રેડ પાડી છે અને ૨૦૨૨ના છેલ્લાં ૬ મહિનામાં તો ઈડીના 'દરોડા એક્સપ્રેસ'ની ઝડપ વધારી છે. બીજી તરફ, ઈડીની આડેધડ દરોડા પાડવા ઉપરાંત ધરપકડ કરવાની જોહુકમી સત્તા સામે ૨૪૨ જેટલી અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. જોકે એ કેસમાં સર્વોચ્ચ અદાલતે ચુકાદામાં કહ્યું છે કે ઈડીને એવો અબાદિધ અધિકાર છે! આ ચુકાદાથી વિપક્ષો બઘવાઈ ગયા છે, જ્યારે શાસક પક્ષવાળા ગેલમાં આવી ગયા છે! જોવાનું એ રહે છે કે ઈડીના નખને હજુ વધુ કેટલા તીક્ષ્ણ કરીને શાસક પક્ષવાળા એનાં રાજકીય શત્રુઓને કેવાંક ઊંડા ઉઝરડાં પાડે છે કે પછી આપણું કાયદાતંત્ર ઈડીને કેટલું અંકુશમાં રાખી શકે છે...







## ખૌફ બડા, લેકિન દર્શન ખોટે...

**આ સરકારી તપાસ એજન્સી સામે વિપક્ષો અવારનવાર ઊહાપોહ તો કરે જ છે એમ વાર-તહેવારે આપણી અદાલતો પણ 'ઈડી'ને શબ્દો ચોર્યા વિના બરાબર ખખડાવે પણ છે. તાજેતરમાં રાજ્યસભામાં 'ઈડી'ને લઈને જે આંકડા રજૂ થયા એ ખરા અર્થમાં બધાને ચોંકાવે તેવાં છે, જેમકે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન (જૂન સુધી) ઈડી તરફથી ૧૦૮૧ કેસ નોંધવામાં આવ્યા હતા. ઈડીએ મની લોન્ડરિંગને લગતા છેલ્લાં પાંચ વર્ષમાં ૪,૬૨૨ કેસ નોંધ્યા એમાંથી માત્ર ૪૩ કેસમાં ૧૦૪ આરોપીને સજા અપાવી શકી. બીજે શબ્દોમાં કહીએ તો ઈડી માત્ર ૧ ટકા કેસમાં જ આરોપીઓને સજા અપાવી શકી છે! બીજી તરફ, આપણા ઈન્કમ ટેક્સ (આઈટી) વિભાગનો પણ દેખાવ કંઈ સારો નથી. આઈટીએ છેલ્લાં પાંચ વર્ષમાં વિવિધ સ્થળે દરોડા પાડીને ૧૦૮૭ કેસ નોંધ્યા તો ખરા, પણ કોર્ટમાં ૭૫ ટકા કેસ હાર્યું. એ ૧૦૮૭ કેસમાંથી માત્ર ૨૩૩ કેસમાં આરોપીને દોષિત સાબિત કરી શક્યું છે! આ આંકડાકીય માહિતી એ સાબિત કરે છે કે આરોપીને સજા અપાવવામાં ઈડી કેવું-કેટલું નબળું છે. એટલું જ નહીં, સુપ્રીમ અને હાઈ કોર્ટ સુદ્ધાં ઈડીની તપાસ કરવાની નીતિ-રીતિની આકરી ટીકા પણ અચારનવાર કરે છે.**